GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
24/7 365 SERVICE
➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
31-03-2027 પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો 2 + 3 વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ અંક : ૩ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ બીજ, સોમવાર ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# વૈશ્વિક દેવું વધીને $365 ટ્રિલિયન! ભારતના GDPના 92 ગણું

**ઇન્સ્ટિટ્યૂટ** ઓફ ઇન્ટરનેશનલ ફાઇનાન્સના ડેટા મુજબ છેલ્લા છ મહિનામાં જ દેવામાં 10 ટ્રિલિયન ડોલરનો વધારો

**2018માં** 250 ટ્રિલિયન ડોલરનું દેવું છેલ્લા આઠ વર્ષમાં 115 ટ્રિલિયન ડોલર જેટલું વધીને 365 ટ્રિલિયન ડોલર થઇ ગયું

**નવી દિલ્હી, તા. 27 :** નાણાકીય ટિપ્પણી પ્રકાશન ધ કોબેઈસી લેટરના જણાવ્યા અનુસાર, વૈશ્વિક દેવું 365 ટ્રિલિયન ડોલર સુધી વધી ગયું છે. 2026ના ફક્ત છ મહિનામાં 10 ટ્રિલિયન ડોલરથી વધુનો તેમાં વધારો દર્શાવે છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ (IIF) ના ડેટાને ટાંકીને આ માહિતી આપવામાં આવી છે. આ કોઈ સામાન્ય આંકડો નથી, તે અનિશ્ચિતતાના અદૃશ્ય જાળ જાળ દર્શાવે છે જે વૈશ્વિક અર્થતંત્રને ખોરવી શકે છે.

વૈશ્વિક દેવા-થી-જીડીપી ગુણોત્તર રોગચાળાના સમયગાળાની ટોચથી નીચે હોવા છતાં આ વધારો થયો છે. જોકે, ગુણોત્તરમાં દેખીતો સુધારો એક મહત્વપૂર્ણ પરિબળને છુપાવે છેઃ ફુગાવાએ નોમિનલ જીડીપીમાં વધારો કર્યો છે, તેના બદલે વિશ્વમાં દેવામાં વ્યાપક ઘટાડો થયો છે. ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં ઉભરતા બજારોના દેવામાં ૬.૫ ટ્રિલિયન ડોલરનો વધારો થયો, જે રેકોર્ડ ૧૧૦ ટ્રિલિયન ડોલર સુધી પહોંચ્યો. આ વધારામાં સરકારો અને બિન-નાણાકીય કંપનીઓનો ફાળો સૌથી વધુ હતો. ચીનને બાદ કરતાં, ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રોમાં દેવું લગભગ $38 ટ્રિલિયન સુધી પહોંચી ગયું છે,




...અનુસંધાન પાના 2 પર

## સતત વરસાદથી નેપાળમાં પૂર, ભૂપ્રપાતને કારણે 21ના મોત

**ઓગસ્ટ** મહિનાની ઘોડાપૂરની આપત્તિની અસરો સામે ઝઝૂમી રહેલા નેપાળભરમાં ગુરુવારથી સતત વરસાદ

**માથાગઢીમાં** ભુસ્ખલનથી પાંચના મોત, નદીઓમાં પૂરથી અનેક મકાનો તણાયા, માર્ગ વાહન વ્યવહાર ખોરવાયો



**કાઠમંડુ, તા. 27 (PTI):** મીડિયા રિપોર્ટ અનુસાર, ગુરુવારથી નેપાળભરમાં થઈ રહેલા સતત ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પૂરની નવી આપત્તિ સર્જાઈ છે. પૂરના પાણી અનેક ઘરોને તાણી ગયા છે અને માર્ગ વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. પૂર, ભૂસ્ખલન અને વરસાદ સંબંધિત અન્ય ઘટનાઓમાં ઓછામાં ઓછા 21 લોકો માર્યા ગયા છે.

શનિવારે રાત્રે પાલ્પા જિલ્લાના માથાગઢી ગ્રામીણ મ્યુનિસિપાલિટીમાં ભૂસ્ખલનથી એક ઘર દબાઈ જતાં પાંચ લોકોના મોત થયા હતા. રવિવારે સવારે તેમના મૃતદેહ મળી આવ્યા હતા. છેલ્લા ચાર દિવસમાં પૂર, ભૂસ્ખલન, વીજળી પડવા અને વરસાદ સંબંધિત અન્ય ઘટનાઓમાં 16 લોકોના મોત થયા હતા, અને કુલ મૃત્યુઆંક 21 પર પહોંચી ગયો છે.

'કાઠમંડુ પોસ્ટ' અખબારના અહેવાલ મુજબ, લુમ્બિની પ્રાંતના રૂપંદેહી જિલ્લાના બુટવલમાં શનિવારે રાત્રે તેનાઈ નદીમાં આવેલા પૂરે ભયજનક સપાટી વટાવતાં નદીકાંઠે આવેલા છ ઘરો તણાઈ ગયા હતા. એક પોલીસ અધિકારીને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, ભારે વરસાદ વચ્ચે તેનાઈ અને આસપાસના નાળાઓમાં પાણીનું સ્તર વધતાં

...અનુસંધાન પાના 2 પર

## નીટ પેપર લીકની અસર : NTA ઓફિસે હવે CISFનો પહેરો

**સેન્ટ્રલ** ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સના 39 જવાનો હવે દેશની રાજધાનીમાં એનટીએ ઓફિસમાં તૈનાત રહેશે

**કર્મચારીઓ,** મુલાકાતીઓની તપાસ માટે એક્સ-રે બેગેજ સ્કેનીંગ મશીનો અને ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરનો ઉપયોગ કરાશે

**નવી દિલ્હી, તા. 28 (PTI):** નીટ પેપર લીક અને વહીવટી ખામીઓને લઈને ભારે વિવાદ બાદ પોતાના કામકાજ તાજેતરમાં જ પોતાની નવી ઓફિસમાં શિફ્ટ કર્યા છે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના પરિસરમાં 'ગોપનીય વિસ્તારો'માં કડક સુરક્ષા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે હવે સીઆઈએસએફ દ્વારા સુરક્ષા પૂરી પાડવામાં આવશે. એનટીએની ઓફિસમાં 39 સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) ના કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. મિન્ટો રોડ પર ભારત સરકારના પ્રેસ બિલ્ડિંગના ગુપ્ત વિસ્તારોના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ

...અનુસંધાન પાના 2 પર

### દિલ્હીમાં NTAનું સંવેદનશીલ કાર્ય ઓખલાથી મિન્ટો રોડ તરફ ખસેડાયું

NTA એ તાજેતરમાં જ તેના જૂના ઓખલા ઓફિસથી મિન્ટો રોડ પરના નવા કેમ્પસમાં તેનું ગુપ્ત અને સંવેદનશીલ કાર્ય સ્થળાંતર કર્યું છે. NTA ને સરકારી માલિકીની ભારત પ્રેસ બિલ્ડિંગમાં 55,000 ચોરસ ફૂટથી વધુ સમર્પિત ઓફિસ જગ્યા ફાળવવામાં આવી છે. NTA ને પાંચમા માળ અને ઇમારતના ચોથા અને છઠ્ઠા માળના કેટલાક ભાગો ફાળવવામાં આવ્યા છે. પ્રેસ બિલ્ડિંગના અન્ય ભાગોમાં પહેલાથી જ CISF સુરક્ષા છે. હવે, NTA ના ગુપ્ત પરીક્ષા સંબંધિત ક્ષેત્રો માટે અલગ અને સમર્પિત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

## ન્યૂઝ બ્રીફ

### બેંગલુરુ એરપોર્ટ પર ઇન્ડિગો ફ્લાઇટની ટેલ રનવે સાથે અથડાઇ

**બેંગલુરુ, તા. 27 :** અહીંના કેમ્પેગૌડા ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આજે રવિવારે ગુવાહાટીથી આવેલી ઇન્ડિગોની ફ્લાઇટ 6E 6542 ની પૂંછડી લેન્ડિંગ દરમિયાન રનવે સાથે અથડાઈ ગઈ હતી. પ્રથમ લેન્ડિંગ પ્રયાસમાં ફ્લાઇટનો પૂંછડી રનવે સાથે અથડાઈ ગયો. પછી વિમાન ફરીથી ઉડાન ભરીને એક ચક્કર માર્યું હતું. તે પછી બપોરે 1:34 વાગ્યે લેન્ડિંગના બીજા પ્રયાસમાં સુરક્ષિત લેન્ડિંગ થયું હતું. ફ્લાઇટમાં કેટલા લોકો સવાર હતા તે હજુ સુધી જાણી શકાયું નથી. જોકે, બધા મુસાફરો સુરક્ષિત છે. છેલ્લા 47 દિવસમાં ઇન્ડિગોની ફ્લાઇટમાં સમસ્યા (ઇમરજન્સી લેન્ડિંગ, ડાયવર્ઝન અને ટેકનિકલ ખામી) ની આ છઠ્ઠી ઘટના છે.

### UPI સંબંધિત અરજી પર આજે સુપ્રીમમાં સુનાવણી

**નવી દિલ્હી, તા. 27.** સર્વોચ્ચ અદાલત સોમવારે રૂ. 2,000થી વધુના નિર્દિષ્ટ યુપીઆઈ વ્યવહારો પર કેન્દ્ર સરકારના એમડીઆર લાદવાના નિર્ણયને પડકારતી અરજી પર સુનાવણી કરશે. યુપીઆઈ પેમેન્ટ્સને લગભગ છ વર્ષ સુધી સંપૂર્ણપણે મફત રાખ્યા બાદ સરકારે 15 ઓક્ટોબરથી યુપીઆઈ પ્લેટફોર્મ દ્વારા વેપારીઓને કરવામાં આવતા રૂ. 2,000થી વધુના ટ્રાન્સફર પર 0.4 ટકા ફી દાખલ કરી છે. આ અરજી સીજેઆઈ સૂર્યકાંત અને ન્યાયાધીશો જોયમાલ્ય બાગચી અને વી. મોહનાની બેંચ સમક્ષ સુનાવણી માટે આવશે.

## UPમાં વરસાદનો કહેર યથાવત: ત્રણ દિવસમાં 56નાં મોત, વ્યાપક નુકસાન

**ભારે** વરસાદથી એક હજારથી વધુ મકાનો ક્ષતિગ્રસ્ત, ઉભા પાકને નુકસાન

**રાજ્યમાંથી** પસાર થતી મોટાભાગની નદીઓની વધી રહેલી જળ સપાટી



**લખનૌ, તા. 27 (PTI).** ઉત્તર પ્રદેશમાં શુક્રવારથી અત્યાર સુધીમાં વરસાદ અને વાવાઝોડાને લગતી ઘટનાઓમાં ૫૬ લોકોનાં મોત થયા છે, જ્યારે સતત ત્રણ દિવસના ભારે વરસાદ બાદ અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, રાજ્ય પર રચાયેલું ડિપ્રેશન રવિવારે નબળું પડીને 'વેલ-માર્ક્ડ લો પ્રેશર' એરિયામાં ફેરવાઈ ગયું હતું, જેનાથી વરસાદમાં થોડી રાહત મળી છે.

રાહત વિભાગના જણાવ્યા અનુસાર, મજબૂત પવનો અને ભારે વરસાદને કારણે વૃક્ષો અને વીજળીના થાંભલાઓ ધરાશાયી થઈ ગયા હતા તેમજ માર્ગો અને ગામડાઓ જળમગ્ન થઈ ગયા હતા, જેમાં એક હજારથી વધુ મકાનો અને ઊભા પાકને નુકસાન પહોંચ્યું હતું. આ વચ્ચે જળબંબાકારવાળા વિસ્તારોમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા માટે બચાવ ટુકડીઓ કામગીરી કરી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે, રવિવારે પૂરા થતા ૨૪ કલાકમાં સામાન્ય ૧.૮ મીમી વરસાદ સામે રાજ્યમાં ૪૫.૧ મીમી વરસાદ નોંધાયો હતો.

...અનુસંધાન પાના 2 પર

## આજથી શરૂ થનાર રાષ્ટ્રીયકૃત બેંકોની હડતાળ મુલતવી રહી

**બેંક** કર્મચારી યુનિયનો અને IBA વચ્ચે થયેલા વાટાઘાટો બાદ મોડી રાત્રે જાહેરાત

**નવી દિલ્હી, તા. 27:** યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ(UFBU) એ રવિવારે રાત્રે ઈન્ડિયન બેંક્સ એસોસિએશન(IBA) સાથેની વાતચીત બાદ સોમવારથી શરૂ થનારી તેની ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળ મુલતવી રાખી છે.

પાંચ દિવસના સપ્તાહ સહિતની પોતાની માગણીઓને લઈને યુનિયનોએ 28 થી 30 સપ્ટેમ્બર સુધી હડતાળનું આહ્વાન કર્યું હતું. મોટા ભાગના બેંક કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતી UFBU એ દલીલ કરી છે કે સ્ટાફને લાંબા સમય સુધી કામ કરવું પડે છે અને તેમને દર શનિવારે રજા મળવી જોઈએ.

હાલમાં બીજા અને ચોથા શનિવારે જ બેંકો બંધ રહે છે. હડતાળ મુલતવી રહેતા સોમવારે બેંકો રાબેતા મુજબ ચાલુ રહેશે એમ જણાવાયું છે.

નાણા મંત્રાલયે બેંકિંગ સેવાઓમાં અવરોધ ઊભો થવાની ચેતવણી આપતા કર્મચારીઓને હડતાળ ટાળવા અપીલ કરી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે યુનિયનની અન્ય માંગણીઓ અગાઉની વાટાઘાટો દરમિયાન ઉકેલી લેવામાં આવી હતી, જેમાં પરિવાર પેન્શન સંબંધિત ફેરફારોનો સમાવેશ થાય છે, જ્યારે પ્રસ્તાવિત પરફોર્મન્સ-લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમને સ્થગિત રાખવામાં આવી છે. પડતર માગણીઓ અંગે બાદમાં ચર્ચા કરવામાં આવશે એમ જણાવવામાં આવ્યું હતું. UFBU એ પાંચ દિવસના અઠવાડિયાની માંગણીને લઈને 26 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પાડવાનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. રવિવારની ચર્ચામાં આ મુદ્દે કોઈ સમજૂતિ થઈ છે કે કેમ અથવા તેનાથી પછીની હડતાળના આહ્વાન પર કોઈ અસર પડી છે કે નહીં તે તાત્કાલિક સ્પષ્ટ થઈ શક્યું નથી.

## UN સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદની ભારતની દાવેદારીને રશિયાનું સમર્થન

**વધારાની** બેઠકો જર્મની જેવા પશ્ચિમી દેશો અને જાપાનને ફાળવવાની વિચારણા સામે વિરોધ



**સંયુક્ત રાષ્ટ્ર, (PTI):** રશિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ(UNSC)માં કાયમી સીટ માટે ભારતની દાવેદારીનું સમર્થન કર્યું છે. રશિયાએ જણાવ્યું છે કે યુએન બોડીના કોઈ પણ સુધારામાં પશ્ચિમી દેશો, ખાસ કરીને જર્મની અને જાપાનને વધારાની સીટો ફાળવવાનો સમાવેશ કરી શકાય નહીં. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે યુએન મહાસભામાં પોતાના સંબોધનમાં કહ્યું કે, "અમારો સૈદ્ધાંતિક અભિગમ આ મુજબ છેઃ યુએન સુરક્ષા

...અનુસંધાન પાના 2 પર

## OpenAIએ પોતાના મોડેલ્સના અણધાર્યા વર્તનથી નવા મોડેલ્સની ટ્રેનિંગ અટકાવી

**અમેરિકી** સરકારની વેબસાઇટોમાંથી માહિતી એકત્ર કરતી વખતે કેટલાક મોડેલોએ અણધારી વર્તણૂંક કરી હોવાનું જણાયું હતું




**ન્યૂ યોર્ક, તા. 27(AP):** AI એજન્ટ્સ નિયંત્રણ બહાર જવાના કિસ્સાઓ વધી રહ્યા હોવાના અહેવાલો વચ્ચે OpenAIએ જણાવ્યું છે કે તેણે તેના સાવ નૂતન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોડલ્સનું ટ્રેનિંગ પ્રક્રિયા સ્થગિત કરી દીધી છે.

વિકાસ અટકાવવાનો આ નિર્ણય કંપની દ્વારા શુક્રવારે એ વાત જાહેર કર્યાના ગણતરીના કલાકોમાં જ આવ્યો છે કે તે ઉનાળા દરમિયાન બનેલી એવી કેટલીક ઘટનાઓની સમીક્ષા કરી રહી હતી જેમાં ફેડરલ ગવર્નમેન્ટની વેબસાઈટ્સ પર સર્ચ કરી રહેલા ઓપનએઆઈ એજન્ટ્સે માહિતી એકત્રિત કરતી વખતે અને તેનું વિતરણ કરતી વખતે તેમની પાસેથી જે માંગવામાં આવ્યું હતું તેનાથી આગળ વધીને અણધાર્યા વર્તનો કર્યા હતા. અલગથી, AI મૂલ્યાંકનકાર 'ટ્રાન્સલુસ'એ જણાવ્યું હતું કે ઓપનએઆઈ તરફથી આવ્યા

...અનુસંધાન પાના 2 પર

## નેપાળમાં હિમલુંગ હિમાલ શિખર પર હિમપ્રપાત : બેના મોત 10 લાપતા

**શિખરના** બેઝ કેમ્પ ખાતે એક તંબુ પર બરફનો ઢગલો ધસી પડ્યો

**તંબુમાં** નવ પર્વતારોહકો અને તેમના 13 સહાયકો હતા

**કાઠમંડુ, તા. 27 (PTI):** નેપાળના મનાંગ જિલ્લામાં આવેલા હિમલુંગ હિમાલ શિખર પર રવિવારે હિમસ્ખલન થતાં બેના મોત થયા હતા, જ્યારે 10 લોકો ગુમ થઈ ગયા હોવાનું પોલીસે જણાવ્યું છે.

નાર ફૂ વિસ્તારમાં ૭,૧૨૬ મીટર ઊંચા હિમલુંગ હિમાલ શિખરના બેઝ કેમ્પ ખાતે આવેલા એક તંબુ પર હિમ ધસી પડતા થતાં તે દટાઈ ગયો હતો, જ્યાં નવ આરોહકો અને ૧૩ સહાયક કર્મચારીઓ આશ્રય લઈ રહ્યા હતા. આ ઘટના બાદ આશરે એક ડઝન જેટલા લોકો ગુમ થયા છે, તેમ આર્મ્ડ પોલીસ ફોર્સના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ શૈલેન્દ્ર થાપાએ જણાવ્યું હતું. મોડેથી બે વ્યક્તિના મૃતદેહ મળી

...અનુસંધાન પાના 2 પર

### તા. ૨૭-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૧૯૮૩ મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
| --- | --- | --- |
| | ૩૩૭.૮૩ ફૂટ | ૭૧૧૯ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૨.૭ સે. | ૨૭.૭ સે. | ૭૦% |

## વધારે પડતો સ્ક્રીન ટાઇમ, બેસવાની અયોગ્ય પદ્ધતિ બાળકોના કરોડરજ્જુને અસર કરે છે : નિષ્ણાતો

● **મોબાઇલ** ફોન જેવા સાધનોની સ્ક્રીન સામે લાંબો સમય, અયોગ્ય ઢબમાં બેસી રહેવું નુકસાનકારક

● **બાળકોને** યોગ્ય પોશ્ચર, શરીરના હલનચલન અને નિયમિત શારીરિક પ્રવૃતિ વિશે શીખવવું જરૂરી છે

**નવી દિલ્હી, તા. 27 (PTI):** બાળકો અને કિશોરોમાં પીઠ, ગરદન અને કરોડરજ્જુને લગતી સમસ્યાઓ પાછળ સ્ક્રીનનો અતિશય ઉપયોગ, લાંબા સમય સુધી બેસી રહેવું અને બેસવા-ઊભા રહેવાની ખોટી સ્થિતિ જવાબદાર હોઈ શકે છે, તેમ ફિઝિયોથેરાપી નિષ્ણાતોએ જણાવ્યું છે. આ સાથે જ તેમણે નિયમિતપણે મૂવમેન્ટ બ્રેક્સ, એર્ગોનોમિક જાગરૂકતા અને પ્રિવેન્ટિવ ફિઝિયોથેરાપી અપનાવવા હાકલ કરી છે.

દિલ્હીના યશોભૂમિ ખાતે યોજાયેલી 'વર્લ્ડ ફિઝિયોથેરાપી એશિયા વેસ્ટર્ન પેસિફિક(WPAWP) પ્રાદેશિક પરિષદ ૨૦૨૬' માં 'ઇન્ડિયન એસોસિએશન ઓફ ફિઝિયોથેરાપિસ્ટ'(IAP)ના નિષ્ણાતોએ આ ચિંતા વ્યક્ત કરી હતી. આ પરિષદમાં શારીરિક સ્વાસ્થ્ય, રિહેબિલિટેશન અને નિવારક સંભાળમાં ઉદ્ભવતા નવા પડકારો પર ચર્ચા કરવા માટે ભારત અને અન્ય ૩૨ દેશોના ૧૦,૦૦૦થી વધુ ફિઝિયોથેરાપી વ્યાવસાયિકો અને પ્રતિનિધિઓ એકઠા થયા હતા.WPAWP પ્રાદેશિક પરિષદ ૨૦૨૬ના યજમાન અધ્યક્ષ અને IAPના પ્રમુખ ડો. સંજીવ કે. ઝાએ જણાવ્યું હતું કે, મુખ્ય ચિંતા ફક્ત બાળક સ્ક્રીન સામે કેટલા કલાક વિતાવે છે તે નથી, પરંતુ તે કલાકો દરમિયાન તેમના શરીરમાં શું ફેરફાર થાય છે તે છે. ડો. ઝાએ ઉમેર્યું, લાંબા સમય સુધી બેસી રહેવું, એક જ સ્થિતિમાં સ્થિર રહેવું, હલનચલનમાં ઘટાડો થવો અને મોબાઈલ ઉપકરણો સામે વારંવાર નીચે જોવાથી ગરદન અને પીઠ પર સતત દબાણ આવે છે. બાળકોને શીખવવાની જરૂર છે કે સ્ક્રીનના ઉપયોગ સાથે શરીરની હલનચલન, યોગ્ય પોશ્ચર અંગે

...અનુસંધાન પાના 2 પર